સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

ભોગવી જેલો, કર્યા ત્યાગને ખુદ્દાર લીધા
માતૃભૂમિનાં અશ્રુઓ પણ ચોધાર લીધા !
ગદ્દાર નો'તા, કે કરી નો'તી હત્યાઓ પણ -
મળ્યા ન ક્યાંક શહીદ-નેતા ઉધાર લીધા !

હાઈકુ

મળી છે સત્તા
શહીદી - ત્યાગ વિના -
નેતા મળે ક્યાં !

સરદાર ને
બીજું તો શું આપે !
'ઊંચાઈ' આપી...

ચિંતન

દેહાત્મના સંસ્થિત એવ કામી વિલક્ષણઃ કામયિતા કથં સ્યાત્ ।
અતોઽર્થ સન્ધાનપરત્વમેવ ભેદપ્રસક્ત્યા ભવબન્ધહેતુઃ ॥

ઉપરોક્ત શ્લોક વિવેકચૂડામણિગ્રંથમાંથી લેવામાં આવેલ ચે.

દેહને આત્મા માનીને રહેનારો કામી જ બને છે.

દેહથી આત્માને અલગ સમજનાર કામનાઓ વાળો કેમ થાય ? એટલા માટે વિષયોના ચિંતનમાં મશગુલ રહેવું એ જ બ્રહ્મથી જીવની ભિન્નતાથી બંધનનું કારણ બને છે.

શરીર અને શરીરમાં રહેવું પરમાત્મ તત્ત્વ જીવનું શરીરદેહ અને આત્મા અલગ છે આત્માને રહેવાનું ખોડીયું ઘર જ છે માત્ર શરીર.

એ શરીરની વાસનાઓ પૂરી કરવામાં જ રોકાયેલું મન-ચિત્ત આત્માનું મૂળ કર્તવ્ય ભૂલાવી દે છે આ વાત સમજી જાગૃત રહેવાની જરૂર છે.

સુવિચાર

- મારા વિરોધની વાત હું ખૂબ શાંતિથી સાંભળું છું, જવાબ દેવાની જવાબદારી મેં સમયને આપેલી છે - **આશિષ વિદ્યાર્થી**
- તુ કયામત તક ઘરને પર બૈઠ એ કિસ્મત, મૈં કોશિશોં મેં કભી ઈસ્તીફા નહીં દૂંગા - **આનંદ શ્રીવાસ્તવ**
- કેટલા સંબંધો રોજમેળ જેવા હોય છે, રોજ મળે પણ મેળના પડે - **જનક નાયક**
- ફકરા તો અસત્યના હોય, બાકી સત્ય તો બે લીટીનું હોય - **એસ. ભટ્ટાચાર્ય**
- મુશ્કેલીના સમયે જે સાથ આપવાની જગ્યાએ જ્ઞાન આપે, તેનો સાથ ઝડપથી છોડી દો સાહેબ - **ચંદ્રેશ મહેતા**
- છીએ એના કરતા ઓછા દુઃખી થવાની કળા અને હોઈએ એના કરતાં વધુ સુખી હોવાની અનુભૂતિ એટલે 'સ્વભાવનું મેનેજમેન્ટ' - **જનકલ્યાણ**
- આજનું ઔષધ : નારિયેળ પાણીમાં સહેજ ખાંડ અને લીંડી પીપરનો ભૂકો ઉમેરી સેવન કરવાથી ઉલ્ટી મટે છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

નર્સિંગ, ડૉક્ટર, શિક્ષણ, મનોચિકિત્સક એવા બીજા ઘણા વ્યવસાય છે, જેમાં માનવીય અભિગમ ટોચ પર હોય છે. માનવતા, અન્યની કાળજી, અનુકંપા વગેરે એવી બાબત છે, જે આવા વ્યવસાય સાથે સંકળાયેલા લોકો પાસેથી અપેક્ષિત હોય છે. એક નર્સિંગ કૉલેજમાં એક અનોખો પ્રયોગ કરવામાં આવ્યો. પહેલા સત્રનાં અંતે એક જનરલ નૉલેજની અડધા કલાકની ૨૫ પ્રશ્નોની પરીક્ષા લેવામાં આવી. જેમાં સરળ અને સામાન્ય સવાલો ઉપરાંત છેક છેલ્લો પ્રશ્ન પૂછવામાં આવ્યો જે કંઈક આવો હતો. 'આપણી નર્સિંગ કૉલેજમાં જે બે સ્ત્રીઓ કામ કરે છે તેમના નામ શું છે?' વિદ્યાર્થીઓને આ સવાલ વિચિત્ર અને મજાકરૂપ લાગ્યો. બંને સફાઈકામ સ્ત્રીઓને એમને રોજ જોઈ હતી. સૌ તે બંને સ્ત્રીઓને ચહેરાતી ઓળખતા હતા પણ એ બેવના નામની કોઈને ખબર ન હતી. કોઈએ આ છેલ્લા પ્રશ્નનો ઉત્તર ન આપ્યો. એક વિદ્યાર્થીએ અધ્યાપકને પૂછ્યું પણ ખરું, આ પરિક્ષામાં પૂછાયેલો છેલ્લો પ્રશ્નના માર્ક ગણાશે કે કેમ ?' અધ્યાપકે કહ્યું, 'હા વળી, કેમ નહીં? એ પ્રશ્ન પણ અગત્યનો છે.' અધ્યાપકે વાત આગળ વધારતા કહ્યું, 'તમારી કારકિર્દીમાં ઘણા લોકોને મળશો. એ બધા જ તમારા માટે મહત્ત્વના છે. તમે એમના પણ ધ્યાન આપો અને સંભાળ લો એ તમારી જવાબદારીનો એક ભાગ છે. તમારું અભિવાદન, તમારું એક સ્મિત એમના માટે અક્સીર પ્રોત્સાહક પણ નીવડી શકે છે.' આમ આ નર્સિંગ કૉલેજના વિદ્યાર્થીઓને એક સરસ જીવનપાઠ શીખવા મળ્યો.

સુપ્રીમના ચુકાદા સામે ધ્રુજારો

તંત્રીસ્થાનેથી...

ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ શાહે પાર્ટીના હિંદુત્વ એજન્ડાને આગળ વધારવાના સંઘના આદેશનું સતત પાલન કરતા રહી પોતાની સ્થિતિ ઘણી મજબૂત બનાવી દીધી છે. એમને ઉત્તરપ્રદેશની ચૂંટણી પૂર્વે સૌ પ્રથમ અયોધ્યા ખાતે રામલ્લાનાં દર્શન કરી પ્રચારના શ્રીગણેશ કર્યા હતા. પોતે ચુસ્ત હિંદુ હોવાનું પ્રદર્શન કરવાની એક પણ તક એમણે જતી કરી નથી. છેલ્લે જયારે કેરળ સરકાર સુપ્રીમ કોર્ટના આદેશ મુજબ સબરીમાલા અય્યપ્પા મંદિરનાં દર્શન માટે મહિલાઓનાં પ્રવેશની તરફદારી કરે છે ત્યારે ભારતીય જનતા પાર્ટી એના જુનવાણી અને પરંપરાગત ખ્યાલનો વળગી રહી છે. મહિલાઓ પરના પ્રતિબંધને એ વાજબી ઠેરવે છે. એમને કુન્નુર ખાતે ડાબેરી સરકારના ત્રાસનો ભોગ બનેલા ભાજપ અને સંઘના કાર્યકર્તાઓને ભવ્ય અંજલી આપતાં ઉમેર્યું કે કુન્નુર એમના માટે તીર્થસ્થાન સમાન છે. કેરળ એક એવું રાજય છે જયાં ભાજપ માટે અત્યાર લગી પ્રવેશબંધી રહી છે. અનેક પ્રકારના ઉધામા છતાં ભાજપ દક્ષિણ ભારતના ગઢમાં ભગવો લહેરાવવાનું સપનું સાકાર કરી શકેલ નથી. કર્ણાટક પૂરતું એનું વજૂદ ઊભું થયું છે, પરંતુ વિશેષતઃ તામિલનાડુ અને કેરળમાં એને સતત જાકારો જ મળતો રહ્યો છે. ઉત્તર પૂર્વનાં રાજયોમાં એણે સફળતાપૂર્વક પગપેસરો કરી લીધો છે, અલબત્ત એમાં એમની કુનેહપૂર્વકની પક્ષપલટા કરાવવાની રાજનીતિ જ જવાબદાર છે, પરંતુ દક્ષિણ ભારતમાં દ્રવિડ ગઢમાં અને કેરળ જેવા ખ્રિસ્તી-મુસ્લિમ ડોમિનેટેડ સ્ટેટમાં એનો હિંદુત્વનો એજન્ડા આગળ વધારવા માટે સબરીમાલા ચુકાદો એની વહારે ધાયો છે. અમિત શાહે સબરીમાલા ચુકાદાનો ઉલ્લેખ કરીને સરકાર અને સુપ્રીમ કોર્ટ - બેઉએ ઠપકો આપી હિંદુ પ્રજાના સાચા હિતચિંતક તરીકેની છાપ ઊપસાવવા પ્રયાસ કર્યો છે. રાજયની ડાબેરી સરકારના મુખ્યમંત્રી વિજયનને એમને 'કાન ખોલીને સાંભળી લેવાની' ચીમકી પણ આપી છે. હિંદુ દેવસ્થાનોની મર્યાદા સંદર્ભે પરંપરાગત વ્યવસ્થા સામે ચેડાં કરવાની સરકાર કે અદાલતની પ્રો-એક્ટિવ પ્રવૃત્તિ વિરુદ્ધ એમને રીતસરનો પડકાર ફેંક્યો છે. કેરળના હિંદુઓ સબરીમાલા ચુકાદાની વિરુદ્ધમાં દેખાવો કરી રહ્યા છે અને ધરપકડ વહોરી રહ્યા છે. ખુદ હિંદુ મહિલાઓ અય્યપ્પા મંદિરની પ્રસ્થાપિત મર્યાદાને વળગી રહેવા માગે છે. એમને મન એ આસ્થાનો વિષય છે અને ધાર્મિક આસ્થાની બાબતે પોતાનો એ બંધારણીય મૂળભૂત અધિકાર છે એમ માને છે. ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષને પ્રજાની આ દુખતી રગની બરાબર ખબર છે. એથી એમને કેરળ પહોંચી જઈ સબરીમાલા ચુકાદાની વિરુદ્ધમાં નિવેદન આપવા ઉપરાંત ખુદ અદાલતને પણ શિખામણ બલકે ચીમકી આપવાનું પસંદ કર્યું છે. અમિત શાહ બોલે છે ત્યારે કૌંસમાં એકી સાથે સંઘવડા મોહન ભાગવત અને વડાપ્રધાન મોદી બોલતા હોય છે. આગામી ૨૦૧૯ની લોકસભાની ચૂંટણી પૂર્વે હિંદુત્વ એજન્ડાને વધુ ને વધુ મજબૂત બનાવવાના વ્યૂહનો જ આ ભાગ છે.

શું અંગત સ્થળે દારૂ પીવો એ નિજતાનો અધિકાર છે

દારૂબંધી એ સમાજના અભિવ્યક્તિની સ્વતંત્રતા અને નિજતાના બંધારણીય કલમ ૧૪, ૧૯, ૨૧ ના ભંગ સમાન

કાયદો અને કાનૂન
અશ્વિન ત્રિવેદી

ગુજરાત રાજયમાં દારૂ બંધી છે અન્ય રાજયોમાં દારૂ બંધી નથી પરંતુ તેના માટે કેટલાક નિયમો સરકારે બનાવેલ છે. દારૂ પીવાને નિજતાના અધિકાર સાથે સરખાવી શકાય નહિ. શું ખાવું? શું પીવું? એ સરકારના અધિકારની વસ્તુ નથી તેમ કેટલાક લોકો માને છે. દારૂ બંધીના કાયદાને ગેરબંધારણીય, વ્યક્તિગત ભેદભાવ યુક્ત, ગેરવ્યાજબી અને મનસ્વી ગણવા હાઈકોર્ટમાં રીટ કરવામાં આવી છે. ગુજરાત હાઈકોર્ટે આ મામલે રાજય સરકારનો જવાબ માંગ્યો છે.

વ્યવહારીક શરતોને આધિન અંગત સ્થળે દારૂ પીવો અથવા રાખવા ઉપર પ્રતિબંધ ના મુકિ શકાય, એ ગુન્હો બની શકે નહિ, નિજતાનો અધિકાર છે. ગુજરાત રાજયમાં દારૂ બંધી ભારતના બંધારણની કલમ ૧૪ મુજબ દરેક નાગરીકને મળતા સમાનતા આર્ટીકલ ૧૯ મુજબ અભિવ્યક્તિના સ્વતંત્રતાના અને આર્ટીકલ ૨૧ મુજબ નિજતાના અધિકારના ભંગ સમાન છે અને દારૂ બંધીએ નાગરીકના મુળભૂત અધિકારો જે ભારતના બંધારણની કલમ ૧૪,૧૯,૨૧ અંતર્ગત ભંગ સમાન છે. દેશમાં સમાન કાયદો હોવો જોઈએ જેનો ગુજરાતમાં દારૂ બંધીના કારણે વ્યક્તિના નિજતાના અધિકારનો ભંગ સમાન ગણવામાં આવી દલીલ કરવામાં આવી છે. દારૂ બંધીનો કાયદો સમાજમાં વર્ગોમાં વિગ્રહ કરે છે. આ કાયદો રાજયના હજારો વ્યક્તિઓની સ્વાસ્થ્યની જાળવણીના નામે દારૂ પીવા અને રાખવાની પરવાનગી હેલ્થ પરમીટના નામે લોકો કઢાવી દુરઉપયોગ કરે જ છે. બીજી તરફ સેનાના જવાન કોઈપણ પ્રકારના પરવાના વગર આર્મી મેસ અથવા કેન્ટીનમાંથી વિદેશી દારૂ પીવાની છુટ આપવામાં આવે છે. આ સીવાય સ્પેશ્ય ઈકોનોમી ઝોનમાં રહેતી વ્યક્તિને પણ લીકર કાર્ડ આપવામાં આવ્યા છે જેથી તેઓ પાર્ટી આયોજન કરી દારૂ પીરસી શકે છે, પી શકે છે. જયારે એકતરફ સમાજનો બહોળો વર્ગ છે જે મંજુરીના મળતા દેશી દારૂ પી લઠ્ઠાકાંડ પણ કરે છે અને મંજુરી વગર પીવે છે.

રાજયમાં છ દાયકા ઉપરાંતથી દારૂ બંધી હોવા છતાં બુટલેગરો અન્ડર ગ્રાઉન્ડ નેટવર્ક દ્વારા દારૂનું ખુલ્લેઆમ વેચાણ કરે છે, હોમ ડીલેવરી આપે છે, કેટલાય લીટર દેશી દારૂ પકડાય છે. દર વર્ષે ઓછામાં ઓછો ચાર હજાર કરોડ દારૂનો વેપાર ગુજરાતમાં થાય છે તેથી દારૂ બંધીનો કાયદો વ્યક્તિ વ્યક્તિ વચ્ચે ભેદભાવ ઉભો કરી બંધારણની કલમ ૧૪ નો ભંગ કરે છે. ફુડની પસંદગી વ્યક્તિને કુદરતી અને જન્મજાત મળતી હોય છે. અભિવ્યકિતાની સ્વતંત્રતા લોકશાહી સમાજનો મજબુત પાયો છે. બંધારણની કલમ ૧૯ રાજયના દારૂ બંધીના કાયદાને ચકાસતા સ્પષ્ટ થાય છે કે વ્યક્તિની વ્યકિતાગત સ્વતંત્રતાનો ભંગ કરે છે. તે ઉપરાંત કોઈ પણ રાજય દ્વારા જે તે વ્યક્તિએ શું ખાવું કે શું પીવું તેવા નિયંત્રથો કે પ્રતિબંધો લાદવામાં આવે તો એ સીધેસીધું બંધારણે આપેલા સન્માનપૂર્વક જીવન જીવવાના વ્યક્તિગત સ્વતંત્ર અને મુક્તપણે ભારત દેશમાં હરવા ફરવા અને રહેવાનો અધિકાર આપતા બંધારણની કલમ ૨૧ નો સ્પષ્ટ ભંગ કરે છે.

રીટમાં એવા મુદ્દા ઉપસ્થિત કરવામાં આવ્યા છે કે બંધારણે આપેલા સન્માનપૂર્વક જીવન જીવવાના અધિકારને જ વ્યક્તિગત સ્વતંત્રતા અને નિજતાની ભાવના નિદ્રીત છે તેથી તેનું અર્થઘટન બૃહદ દ્રષ્ટીકોણથી કરવું એ બદલાતા સમાજની માંગ છે. બદલાતો સમય આંતરાષ્ટ્રીય સીમાડાઓનો નષ્ટ કરવા એક થવા વિસ્તૃત મુદ્દાઓને ધ્યાનમાં રાખીને અરજદારોને તેમના અંગત સ્થળે વ્યવહારીક વર્તુણુંક સાથે દારૂ પીવા, રાખવા અને તેના આદાન પ્રદાન કરવા અટકાવી શકાય નહિ આવા અંગત મામલાને સરકાર દખલઅંદાજી કરી શકે નહિ, બંધારણીય નૈતિકતા માત્ર બંધારણમાં લખેલા શબ્દો પુરતી સીમીત રહેવી ના જોઈએ કે સર્વ સમાવેશી અને વૈવિધ્યસભર સમાજનું નિમાર્ણ થઈ શકે તેવા સંજોગોમાં સામાન્ય નૈતિકતા નહિ પરંતુ બંધારણીય નૈતિકતાના આધારે કાયદો સંચાલીત થવો જોઈએ તેથી કોર્ટની બંધારણીય નૈતિકતા અને ફરજ છે તે બંધારણે આપેલી અમાનતા સન્માનપૂર્વક જીવવા અને ભેદભાવ મુક્ત સમાજની બાંહિધરનીનું રક્ષણ અને અમલ કરે. હાલમાં નશાબંધી હેઠળ રાજયમાં ૩૯૯૨૨૧ કેસો રજીસ્ટ્રર થયેલા છે.

આપણને આપણા કરતાં વધારે ઓળખી શકનારા ગુરુજનો કોઈક વાર મળે છે

WhatsApp ઓફ ધી વીક
નેહલ ગઢવી

આપણને આપણા કરતાં પણ વધારે ઓળખી શકનારા ગુરુજનો કોઈ વાર મળી આવે છે. તેઓ આપણને આંતરબાહ્ય રીતે જાણીને આપણા પર પ્રેમ કરે છે. આવા ગુરુજનો મળે પછી પોતાની જાત એમને ચરણે ધરી દેવી રહે.

ધર્મ એ કાંઈ અરણ્યમાં જઈને શોધવાની વસ્તી નથી. પણ સમસ્ત જીવનમાં અને સામાજિક વ્યવહારમાં તેનું આચરણ કરવાનું છે. જીવનનું પ્રત્યેક પાસું ધર્મના રંગે રંગાયેલું હોવું જોઈએ. ધર્મના માર્ગદર્શન વિનાનાં જ્ઞાન, વિજ્ઞાન કે વિદ્યા હારનિકારક નીવડશે. ધાર્મિક દિશાસૂચન વિનાનાં કલા અને સાહિત્ય ભુલાવો ખવડાવશે.

સાહિત્ય, સંગીત અને કલાને ધર્મની ભગિનીઓ કહી છે, તે આ કારણે શોપેનહાવર એક નિરાશાવાદી તત્ત્વજ્ઞ હતો અને જીવનને તે અપાર દુઃખનું ધામ માનતો હતો. એમ છતાં દિવસને અંતે તે એક સંગીતશાળામાં જઈ સંગીતના મનહર સૂરોમાં પોતાનું દુઃખ ભૂલી જતો. એ દુઃખી જીવનને આશ્વાસન ધર્મ પણ આપી ન શખ્યો, તે કલા દ્વારા સાંપડ્યું.

ભક્તિમાં જે લક્ષણો આપણે જોઈએ છીએ, તે જ શિષ્ય સાહિત્યમાં પણ જોવા મળે છે. બંનેમાં પવિત્રતા હોય છે. બંનેમાં નમ્રતા ને નિખાલસતા હોય છે. ભક્ત ઈશ્વરપ્રાપ્તિ વિના બેચેન રહે છે; કવિ પણ તેને સેવેલા સ્વપ્નોની સિદ્ધિ થતી નથી ત્યાં સુધી બેકાર રહે છે. ભક્તિ અને લેખન પ્રવૃત્તિ બેય સ્વેચ્છાનાં પરિણામો છે. કોઈની આજ્ઞાથી ભગવાનનું ભજન થતું નથી કે કવિતા રચાતી નથી. સાચી ભક્તિ નિષ્કામ હોય છે, અને ભક્તોને ઈશ્વર પાસેથી કોઈ અપેક્ષા હોતી નથી : સાચો સાહિત્યકાર પણ નફાતોટા પ્રત્યે ઉપેક્ષા સેવે છે અને લોકપ્રિયતાની પરવા કરતો નથી.

કલા અને સાહિત્ય તેની ભવ્યતાથી આપણામાં આદર ઉત્પન્ન કરે છે, અથવા સૌંદર્યથી મોહ પમાડી આપણને વશ કરે છે. સૌંદર્ય જેમ દૈહિક હોય, તેમ નૈતિક અને આધ્યાત્મિક પણ હોઈ શકે. લેખકનો ધર્મ સૌંદર્ય દ્વારા આનંદ અને રસ ઉપજાવીને વાચકનો ઉત્કર્ષ કરવાનો છે.

શ્રેષ્ઠ સાહિત્યના એક ઉત્તમ દૃષ્ટાંત તરીકે યુગકવિ ન્હાનાલાલ પ્રત્યે દૃષ્ટિપાત કરીએ. સૌથી પ્રથમ ગુણ જે આંખે ચડે છે, તે તેમની કવિતા પ્રત્યેની સમર્પણતા. એમનામાં એક ફકીરની બેપરવાઈ હતી. બહોળો વસ્તાર હોવા છતાં સરકારી હોદ્દો ફગાવી દઈ તેઓ કાવ્યદેવીની એકનિષ્ઠ સેવા કરવાને કટિબદ્ધ થયા. તેમ કરતાં તેઓએ પુષ્કળ વેઠ્યું હતું. છતાં તેમના સ્વાર્થત્યાગ વિશે કોઈ સૂચન કરે તે પણ તેઓને અરુચિકર થઈ પડતું.

હિંદુ ધર્મ અને સંસ્કૃતિમાં જે ઉચ્ચત્તમ આદર્શો છે તે ટાગોર અને ન્હાનાલાલના કાવ્યોમાં ગવાયા છે. ધનપ્રાપ્તિ કે લોકેષણા સારુ એમણે એમના સાહિત્યનું ધોરણ હેઠું પાડ્યું નથી. સૌ કોઈ સમજી શકે એવા શુભાંશયથી પણ એઓ પોતાની કવિતાનું ધોરણ જનસમાજની પંક્તિ પર લાવી શકતા નહીં. એઓ એમ માનતા કે એમને નીચે ઊતરવા કરતાં અર્ધશિક્ષિત સમાજને ઊંચે આવવાની જરૂર વધારે હતી.

એમની કવિતામાં જન્મસિદ્ધ પવિત્રતા ખડકાયેલી છે. પણ માત્ર નીતિ અને પવિત્રતાથી કોઈ કાવ્યમુગટ ધારણ કરી શક્યું નથી. કવિશ્રીમાં પવિત્રતા અને રસિકતા, સાત્ત્વિકતા અને સૌંદર્યનો સુરેખ સમન્વય સધાયો છે. જેમ નીતિભંગ તેમ રસજ્ઞતાનો ભંગ પણ એમને માટે અકલ્પ્ય હતો. તેમના તે જે ઘડ્યા શબ્દશબ્દો, તેમની ભવ્ય ઉપમાનો, નીતિનો પરિમલ પ્રસરાવતાં તેમનાં અનેક કાવ્યપુષ્પો અને સંગીતસભર રાસો આપણા કાવ્યસાહિત્યનો મહામૂલ્યવાન વારસો છે.

- ફીરોઝ કા. દાવર

ધર્મઝનૂની મૌલવીઓએ મોગલ બાદશાહોના કાન ભંભેર્યા અને શીખ લોકો ઉપર તવાઈ ઊતરી. ઔરંગઝેબના વખતમાં તો મોગલોના જુલ્મોએ માઝા મૂકી.

દશમા ધર્મગુરુ ગુરુ ગોવિંદસિંહ ત્યારે શીખ ધર્મની ગાદી પર. તેમને આ જુલ્મોનો સામનો કરવાનો નિરધાર કર્યો. એમને પ્રતિજ્ઞા લીધી કે -

ચીડિયાસે મૈં બાજ ગિરાઉં, બિલ્લી સે મૈં શેર મરાઉં
સવા લાખપે એક ચડાઉં, તબ ગોવિંદસિંહ નામ ધરાઉં.

સવા લાખની સામે લડવા નીકળે તેવા એક એક શીખ સિપાહીને હું તૈયાર કરું, તો જ મારું નામ ગોવિંદસિંહ !

ગુરુ ગોવિંદસિંહે રણહાક વગાડી. ગુરુની વાણી તો મડદાંને પણ બેઠાં કરે તેવી ! ગુરુના એક બોલ પર મરી ફીટવા હજારો જુવાનો થનગની રહ્યાં. 'વાહ, ગુરુ !' વાહ, ગુરુ તી ફત્તહ!' નો હુંકાર કરતા શીખ બેટડા ખડા થઈ ગયા. માથે મોકળા કેશ અને હાથે ચમકતી કિરપાલ - જાણે કેશવાળી ખંખેરી સિંહ જાગી ગયા ! ત્યારે કે બૂઢો આદમી એ રણબંકા જુવાનોને ટગરટગર જોઈ રહેતો. લડાઈના મેદાનમાં જવાની તેને જબરી હોંશ હતી. પણ કાયા કામ નહોતી કરતી. નેવું શિયાળા એણે જોઈ નાખ્યા હતા. હાથમાં સાવરણો લઈને એ ગુરુ સાહેબનું આંગણું વાળતો ને બેઠા બેઠા પરમાત્માના ગુણ ગાતો. ગુરુની હાકલ પડતાં આજ સહુ સંગાથે હાલી નીકળી નથી શકાતું, તેનો એને ભારે વસવસો રહેતો. એક દિવસ ગુરુ ગોવિંદસિંહ પાસે આવી, હાથ જોડી એણે કહ્યું : 'ગુરુસાહેબ, મારે લડાઈના મેદાનમાં જવું છે. મને આજ્ઞા આપો.'

ગુરુ તો બૂઢા સામે જોઈ રહ્યા. તેનો દેહ નર્યો હાંડકાનો માળખો હતો. અંગો ધ્રૂજતાં હતાં. ગુરુએ કહ્યું, 'પણ બાબા, તમે રણમેદાનમાં જઈને શું કરશો ? તલવાર ઉપાડવાની પણ શક્તિ નથી તમારામાં.'

'મારા ગુરુ ખાતર હું માશું ઉતારી આપીશ.' બૂઢાએ કહ્યું.

'બાબા, મારા શીખનાં માથાં એવાં સોંઘા નથી.' થોડી વાર વિચાર કરીને ગુરુએ કહ્યું, 'પણ તમે એક કામ કરો. લડાઈના મેદાનમાં ઘાયલ સૈનિકોને પાણી પાવાનું કામ તમારું.'

બૂઢો તો રાજી થઈ ગયો. કાંધે પાણીની મસક ઉપાડીને ચાલી નીકળ્યો.

પણ લડાઈને મેદાનમાં બૂઢાની હાજરી ઘણાને સાલવા માંડી. એની વિરુદ્ધની ફરિયાદો સાંભળી ગુરુ ગોવિંદેસિંહે પૂછ્યું, 'શું એ સોંપેલું કામ બરાબર નથી કરતો ?'

'ના રે, ગુરુસાહેબ,' સરદારોએ કહ્યું. 'કામ તો એના જેટલું બીજો કોણ કરતો હશે ? મણ મણની મસક ઉપાડીને દોડ મૂકે છે. ઘાયલ ને તરસ્યાનું નામ સાંભળીને ઘમસાણ વચ્ચે ઘૂમી વળે છે. નથી ડરતો તીરથી, નથી ડરતો તલવાર કે ભાલાથી.'

'ત્યારે ? વાંધો શું છે ?'

'ગુરુસાહેબ, આ બૂઢો ઘાયલ શીખને પાણી પાય છે એમ દોડીને દુશ્મનને પણ પાણી પાય છે. ના પાડતાંયે કોઈનું માનતો નથી. પાણી કોણ માગે છે તે જોયા વગર જ એ તો પાણી પાવા લાગી જાય છે. મુસલમાન સિપાહીને માથે પણ પ્યારથી હાથ ફેરવે છે. એ જોયું નથી જતું, ગુરુસાહેબ !'

ગુરુ ગોવિંદસિંહની આંખમાં જળજળિયાં આવી ગયાં. તેમને બૂઢાને બોલાવ્યો અને શીખ સરદારોની હાજરીમાં પૂછ્યું, 'બાબા, તમારી સામે ફરિયાદ આવી છે. તમે મુસલમાનોને પણ પાણી પાઓ છો ?'

બૂઢાએ હાથ જોડી કહ્યું, 'દશમ, પાદશાહ, હું તો આપની આજ્ઞાનું પાલન કરું છું, પાણી ! પાણી !'નો પોકાર જે કોઈ કરે તેને પાણી પાવા હું દોડું છું. મને બીજી કોઈ ખબર નથી.'

બૂઢાના ધ્રૂજતા હાથને ગુરુએ પોતાના પંજામાં લઈ લીધો. આનંદ અને પ્રેમથી છલકાતા સ્વરે કહ્યું, 'બાબા ! તમે તો શીખ ધર્મને ઉજાળ્યો. ધન્ય છે ! આપણી હસ્તીને પડકાર થતાં આપણે તલવાર ઉઠાવી છે. પણ મોતને બારણે કોઈ ભેદ નથી. પાણી માટે તરફડતા હરકોઈ સૈનિકને તમતમારે ખુશીથી પાણી પાજો. અને બાપા, એક બીજી વાત પણ તમારે કરવાની છે...'

'આજ્ઞા કરો, ગુરુસાહેબ !' બૂઢો બોલ્યો.

'મારા આ સરદારોના લોખંડી દિલમાં પણ તમારું પ્રેમજળ સીંચ્યા કરજો. આપણા ધર્મની તલવાર જેટલી તીખી છે, એટલું જ આપણા અંતરની માટલીનું જળ મીઠું છે, એ તેમને ભૂલવા ન દેતા!'

- મકરન્દ દવે

- nehalgadhavi101@gmail.com

ફક્કડ ગિરધારી સરદાર પટેલની જેલ ડાયરીનાં પાનાં

અતિતની આજ
ડૉ. હરિ દેસાઈ

છેલ્લાં કેટલાંય વર્ષોથી બૅરિસ્ટર સરદાર વલ્લભભાઈ પટેલના જીવન અને કવન પર સંશોધન કરતાં આ રાષ્ટ્રનાયકનાં ઓછાં જાણીતાં પાસાં શોધવાની ખેવના ખરી. હજુ ઘણા વિદ્વાનો વલ્લભભાઈને સરદારનું બિરુદ મહાત્મા ગાંધીએ બારડોલી સત્યાગ્રહ વેળા આપ્યાનું ગજવે છે, ત્યારે દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના પીએચ.ડી. સંશોધકે બારડોલી ક્ષેત્રના અકોટી ગામનાં ભીખીબહેને સૌપ્રથમ 'સરદાર' તરીકે વલ્લભભાઈને સંબોધ્યાનું શોધી કાઢ્યાનું સ્મરણ થયા વિના રહેતું નથી. 'બિચ્ચારા બાપડા' વલ્લભભાઈને વડા પ્રધાન નહીં બનાવીને મહાત્મા ગાંધીએ ભારે અન્યાય કર્યાની કથાઓ આગળ કરાય છે. પોતાનાં રાજકારણ ચમકાવનારાઓ થકી સરદારના અનુજ એવા પંડિત જવાહરલાલ નેહરુને ભાંડવાના સન્નિપાતની હવા કાઢવાનું કામ તો છેક ૧૯૨૯થી તે સરદાર જીવ્યા ત્યાં લગી એમનાં અંગત સચિવ તરીકે પડછાયો બની રહેલાં (અને દીકરી પણ ખરાં!) મણિબહેને જ કર્યું હતું. સરદાર પટેલના અત્યંત વિશ્વાસુ અને ''હિંદુસ્તાન ટાઈમ્સ''ના મુખ્ય તંત્રી રહેલા દુર્ગા દાસે વર્ષ ૧૯૭૧માં સંપાદિત કરેલા દસ ગ્રંથની શ્રેણીની પ્રસ્તાવનામાં મણિબહેને નોંધેલા શબ્દોનું સ્મરણ થાય છેઃ 'સરદારને ક્યારે વડા પ્રધાનપદાની મહેચ્છા હતી જ નહીં.'

સરદાર પટેલને અન્યાયની વાત્યું કરનારાઓ પોતાને અત્યારની પ્રજા મત આપીને ન્યાય તોળે એ મહેચ્છામાં જ રમમાણ છે. પક્ષ કોઈ પણ હોય, કૉંગ્રેસના સૌથી મજબૂત નેતા વલ્લભભાઈ ઝવેરભાઈ પટેલ જીવ્યા ત્યાં લગી સિંહની જેમ જીવ્યા, બિચ્ચારા બાપડા તરીકે નહીં. સાદગીમાં જીવ્યા. આજનો કોઈ પણ પક્ષનો નેતા વલ્લભભાઈ તોલે આવી શકવાની હેસિયત ધરાવતો નથી. એ વલ્લભભાઈ ૧૫ ડિસેમ્બર ૧૯૫૦ના રોજ આ ફાની દુનિયા છોડી ગયા ત્યારે એમનું બૅંક બૅલેન્સ હતું રોકડા ૨૬૨ રૂપિયાનું! એક દાંડીનાં ચશ્માં પહેરનારા, સાંધેલો ઝભ્ભો વહાલો કરનારા આ રાષ્ટ્રનાયક આગળ દુનિયાના સૌથી ધનાઢ્ય એવા બાદશાહોમાં નિઝામ જેવા પણ ધ્રૂજતા હતા એટલું જ નહીં, અંગ્રેજ શાસકોને કાયમ વલ્લભભાઈના શબ્દોમાં ભરોસો રહેતો. ૩૧ ઓક્ટોબરે (સરદારના સત્તાવાર મનાતા જન્મદિવસે) ગુજરાતમાં કેવડિયા ખાતે સરદારની વિશ્વમાં સૌથી ઊંચી એટલે કે ૧૮૨ મીટરની પ્રતિમાનું વડા પ્રધાન નરેન્દ્ર મોદી લોકાર્પણ કરે ત્યારે હરખ થવો સ્વાભાવિક છે. સાથે જ વર્તમાન કાળના સર્વપક્ષી રાજનેતા સરદાર પટેલના જીવનમાંથી બે ચોગળું અનુસરણ કરવા જેવી વાતો જીવનમાં ઉતારે એટલી અપેક્ષા પણ ખરી.

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીએ ૧૨ માર્ચ ૧૯૩૦ના રોજ સાબરમતી આશ્રમ, અમદાવાદથી દાંડી, દક્ષિણ ગુજરાત લગીની દાંડીકૂચ આદરવાનો સંકલ્પ કર્યો ત્યારે સરદાર પટેલે એની આગોતરી તૈયારીરૂપ જનજાગરણ અને ધર્મયુદ્ધના ટંકાર માટે લોકોને દાંડીકૂચ માટે તૈયાર કરવાનો કાર્યક્રમ આદર્યો. મીઠાના કાયદામાં પ્રજાનું શોષણ થતું હોવાને કારણે એ તોડીને અંગ્રેજ સરકાર વિરુદ્ધ જનઆંદોલન ખડું કરવાનો અને એય પાછું બાપુને અભિપ્રેત અહિંસક જનઆંદોલન હાથ ધરવાનું.

- **૧૯૨૯થી સરદારનાં અંગત સચિવ મણિબહેને નોંધ્યું છેઃ 'સરદારને ક્યારે વડા પ્રધાનપદાની મહેચ્છા હતી જ નહીં.'**
- **મંદિરે નહીં જતા સરદારની ઈશ્વરમાં અપ્રતીમ શ્રદ્ધા અને એટલી જ શ્રદ્ધા ગાંધીજીમાં હોવાની હકીકત ઝગારા મારે છે**
- **૭ માર્ચ ૧૯૩૦થી ૨૨ એપ્રિલ ૧૯૩૦ સુધી પટેલે પોતાના હાથે, ગુજરાતીમાં, પહેલી અને છેલ્લી વાર ડાયરી લખી**
- **૧૩ ડિસેમ્બર ૧૯૪૭ના રોજ પંડિત નેહરુની કૅબિનેટે સોમનાથનો જીર્ણોદ્ધાર સરકારી ખર્ચે કરવાનો નિર્ણય લીધો'તો**

વલ્લભભાઈની કનકાપુરામાં ૭ માર્ચ ૧૯૩૦ના રોજ સભા હતી. વચ્ચે રાસ ગામે ભોજન માટે રોકાણ. સ્થાનિકોનો આગ્રહ કે અમે ખેડા સત્યાગ્રહમાં તમારા નેતૃત્વમાં સામેલ થયા તો અમારા ગામની સભાને કાં ના સંબોધો! જમ્યા પછી બે વાગ